અપીલ અરજી નં.૯૭ તા.૭–૫–૦૯ /૧૦

અરજદારઃ શ્રી ઐયુબભાઈ બોટાવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઐયુબભાઈ બોટાવાલાની તા.૨૭–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ઝાંપા બજાર મટન માર્કેટ સામે સાબીર ચીકન સેન્ટર નામની દુકાનને કયા કાયદાને આધારે આરોગ્ય લાયસન્સ ફાળવવામાં આવેલ છે માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :– અરજદાર મજકુરની તા.૬–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૭/૨૦૦૯–૧૦

શ્રી ઐયુબભાઈ બોટાવાલાની તા.૨૭–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ઝાંપા બજાર મટન માર્કેટ સામે સાબીર ચીકન સેન્ટર નામની દુકાનને કયા કાયદાને આધારે આરોગ્ય લાયસન્સ ફાળવવામાં આવેલ છે? માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં માહિતી નહીં મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ / ૩૭૬ તા.૧૪–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી , સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ / ૫૩૦ તા.૨૭–૭–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની તા.૨૭–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૪૦૩૩ ઝાંપા બજાર મટન માર્કેટ સામે સાબીર ચીકન સેન્ટર નામની દુકાનને કયા કાયદાને આધારે આરોગ્ય લાયસન્સ ફાળવવામાં આવેલ છે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ/૩૫૩ તા.૨૪–૬–૦૯ થી મુદ્દા નં.૩ ની માહિતી આપેલ જેમાં રેકર્ડ આધારીત કોઈપણ માહિતી માંગેલ ન હોય જે આપી શકાય નહિં એમ જણાવેલ જયારે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૫૨૯ તા.૨૭–૭–૦૯ થી મુદ્દા નં.૧,૨, અને ૪, ની માહિતી પુરી પાડવામાં આવેલ જેમાં મુદ્દા નં.૧ બાબતે અરજદારને આરોગ્ય લાયસન્સ તેમના ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા દુકાનમાં કરવામાં આવેલ આરોગ્યલક્ષી તમામ આનુશાંગિક સુવિધાઓ તેમજ અન્ય બાબતોને ધ્યાનમાં રાખી નિયમાનુસાર આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ માં કમિશ્નરશ્રીના નં.ટીડીઓ/૭૩૬ તા.૧૪/૫/૦૧ ના મુદ્દા નં.૧ ને ધ્યાનમાં લેતાં સદરહુ મિલકત તા.૭–૧૨–૮૦કે તે પહેલાની હોય, બીયુસીની જરૂર રહેતી નથી. મુદ્દા નં.૪ માં મુદ્દા નં.૨ ના જવાબમાં આપેલ વિગતના આધારે લાયસન્સ આપવામાં આવેલ. એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં નિયત સમયમાં માહિતી પુરી નહીં પાડેલ હોવાનું જણાવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૫–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર પાસેથી દસ્તાવેજી ફી પેટે કોઈ રકમ જાહેર માહિતી અધિકારી ધ્વારા ભરાવેલ ન હોઈ વિલંબીત માહિતી અંગે કોઈ રીફંડ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઐયુબભાઈ બોટાવાલા